ભાગવત સપ્તાહમાં સુદામા ચરિત્ર મોક્ષની ઝાંખી કરાવાશે

ગાંધીનગર, તા. ૭

બ્લોક નં. ૫૭૧, આદર્શનગર, પીળો પટ્ટો, સેકટર-૨૪ ખાતે શ્રી કર્ણવભાઇ જોષીની વ્યાસપીઠે યોજાયેલ ભાગવત સપ્તાહમાં આજે સુદારાચરિત્ર મોક્ષ તથા કળિયુગનું વર્ણન દર્શન તથા ઝાંખી બપોરે એકવાગે કરાવશે.

'વિશ્વ મેન્ટલી ચેલેન્જ ડે' હેત ફાઉન્ડેશન ઉજવશે

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર સ્થિત મેન્ટલી ચેલેન્જડ બાળકો માટે કાર્ય કરતી પ્રતિષ્ઠિત સંસ્થા હેત ફાઉન્ડેશનના કર્તા શ્રી મીરાબેન ગઢવી 'વિશ્વ મેન્ટલી ચેલેન્જ જે'ના પ્રસંગે તેમની સંસ્થાના બાળકોને મનોરંજન માટે સિનેમેક્સ થિયેટરમાં મુવી શો જોવા માટે લઇ જવાનો કાર્યક્રમ યોજોલ છે.

ગાંધીનગર જિલ્લા બાર એસોશિએશન દ્વારા રક્તદાન શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૭

જૂનિયર સિટીઝન્સ કાઉન્સિલ તથા ગાંધીનગર ડિસ્ટ્રીક્ટ બાર એસોશિયેશન દ્વારા રક્તદાન શિબિર યોજાઇ હતી. રક્તદાન શિબિરમાં ગાંધીનગર કોર્ટનાં વકીલો તથા ન્યાયધીશો, નગરજનો દ્વારા ૫૮ યુનિટ રક્તદાન કરાયું હતું. તબીબી ટીમ અમદાવાદ સિવિલ હોસ્પિટલની આવેલ હતી. થેલેસીમીયાગ્રસ્ત દર્દીઓને ઉપયોગ સારૂં રક્તદાન શિબિર યોજાઇ હતી. જેમાં સંસ્થાના કાર્યકર શ્રી દિનેશભાઇ દવે, કિરણસિંહ વાઘેલા, સની વાઘેલાએ જહેમત ઉઠાવી હતી.

દુ:ખદ અવસાન

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર નજીકના પેથાપુર ગામના સામાજીક કાર્યકર બાબુભાઇ મનસુરીના ભત્રીજા સમીરભાઇ લાલુભાઇ મનસુરીનું ગત તા. ૬ઠ્ઠી ડિસેમ્બર ૨૦૧૨ના રોજ દુ:ખદ અવસાન થયું છે. આથી આજ તા. ૮મી ડિસેમ્બર-૨૦૧૨ના રોજ પેથાપુર ગામે તેમના મુકામે જીયારત રાખી છે.

ગાંધીનગર શહેર એ સારસ્વતોનું નગર બની રહ્યું છે ત્યારે આજે ગાંધીનગર ખાતે ગણિત અને વિજ્ઞાનનો રાષ્ટ્રીય સ્તરનો સેમિનાર ગાંધીનગર સ્થિત કડી સર્વ વિશ્વ વિદ્યાલય ખાતે યોજાયો હતો. એક તરફ બાળકો ગણિત અને વિજ્ઞાન તરફથી પોતાનું મુખ ફેરવી રહ્યા છે ત્યારે આજના આ રાષ્ટ્રીય સેમિનારમાં આ બંને રસપ્રદ વિષયો અંગેના સંશોધન પત્રો અને કેટલીક ગંભીર ચર્ચાઓ હાથ ધરાઈ હતી તે પ્રસંગે લેવાયેલી તસવીર.

ચરસના જથ્થા સાથે પકડાયેલ આરોપીને ૧૦ વર્ષની સખત કેદ

કલોલના ટીંટોડીયા વાસમાં પોતાના ઘરે જ ચરસનો વ્યાપાર કરતો હતો

ગાંધીનગર, તા.૭

કલોલ તાલુકાના ટીંટોડીયા વાસ વિસ્તારમાંથી ચરસના જથ્થા સાથે પકડાયેલ આરોપીને કલોલ એડીશનલ સેસન્સ કોટે ૧૦ વર્ષની સખત કેદની સજા તેમજ રૂપિયા એક લાખનો દંડ ભોગવવા હુકમ કર્યો છે.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર નાર્કોટીક્સ સેલ સીઆઈડી ક્રાઈમના પોલીસ ઈન્સ્પેક્ટર એ.એ. સૈયદની ટીમે તા. ૨૮ જુલાઈ વર્ષ ૨૦૧૧ના રોજ કલોલ તાલુકાના ટીંટોડીયા વાસમાં રહેતા આરોપી સલાઉદ્દીન ગુલામ મયુદ્દીન કાઝીના ઘરે રેડ કરી હતી આ દરમિયાન પોલીસે આરોપીના ઘરમાં તિજોરીમાંથી ૬૪૦ ગ્રામ ચરસનો જથ્થો પકડી પાડયો હતો. પોલીસે ચરસનો જથ્થો રોકડ રૂપિયા ૬,૮૯૦ તેમજ મોબાઈલ સહિત રૂ. ૩૩,૪૯૦નો મુદ્દામાલ કબ્જે લીધો હતો. આ દરમિયાન આરોપીના ઘરમાંથી ચરસ કાપવાની છરી તેમજ ગ્રાહકોને ચરસ આપવા માટે રાખવામાં આવલી પ્લાસ્ટીકની કોથળીઓ પણ મળી આવી હતી. આ કેસ કલોલની એડીશનલ સેસન્સ કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલ તરીકે સુનિલ પંડયાએ દલીલો કરી હતી. સરકારી વકીલે કોર્ટ સમક્ષ કરેલ દલીલમાં જણાવ્યું હતું કે આરોપી કલોલ મ્યુનિસિપાલીટીમાં ફરજ બજાવતો હતો તેમજ પોતાના ઘરે ચરસનો વ્યાપાર કરતા પકડાયો છે જેથી તેને સખત સજા કરવી જોઈએ. એડીશનલ સેસન્સ જજ એન.પી. પુરાણીએ તપાસ કરનાર અમલદાર એફ.એસ.એલ.ના રિપોર્ટ સહિતના પુરાવાઓ ધ્યાને લઈ આરોપીને ૧૦ વર્ષની સખત કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે.

જિલ્લા પોલીસે ચૂંટણી પૂર્વે ૭૦૬ હથિયારો જમા લીધા

લાયસન્સ વગરનાં બે અને જમ્મુ કશ્મીરનાં લાયસન્સ વાળાં બે હથિયારો મળી આવતાં જપ્ત

ગાંધીનગર, તા.૭

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને પગલે લાયસન્સ વાળા હથિયારો જમા કરવાની મળેલી સુચના અને જાહેરનામાને પગલે જિલ્લા પોલીસ દ્વારા લાયસન્સ ધારકો પાસેથી હથિયાર જમા કરવાની કામગીરી શરુ કરી દીધી હતી. અત્યાર સુધી વિવિધ હથિયારના પરવાનાધારકો પાસેથી મળીને ૭૦૬ હથિયારો પોલીસે જમા લીધા હોવાનું જિલ્લા પોલિસ વડાએ જણાવ્યું છે તે ઉપરાંત બે હથિયારો લાયસન્સ વિનાનાં તથા બે જમ્મુ કશ્મીરના લાયસન્સ ધરાવતા હથિયારો મળી આવતા તે ચારેય વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરીને હથિયારો જપ્ત કર્યા છે.

હથિયારો જમા કરવાની કામગીરી ચૂંટણી અનુસંધાને જિલ્લા પોલીસે શરુ કરી દઈને વિવિધ પોલીસ મથકે પરવાના ધારકો પાસેથી તેમના હથિયારો પૈકી જિલ્લામાંથી ૭૦૬ હથિયારો જમા કર્યા છે તે ઉપરાંત ચુંટણી લક્ષી ૩ હજારથી વધુ અટકાયતી પગલા પણ જિલ્લા પોલીસે લઈને કામગીરી સઘન બનાવી છે. જિલ્લા પોલિસ વડા શરદ સિંઘલના જણાવ્યાનુસાર હથિયાર જમા કરવાની ચાલી રહેલી કામગીરી દરમિયાન પોલીસની ટીમને લાયસન્સ વગરનાં બે હથિયારો પણ મળી આવ્યા છે તથા જમ્મુ-કશ્મીર વિસ્તારનું લાયસન્સ ધરાવતા બે હથિયારધારકો ઝડપાયા છે તેમના વિરુધ્ધમાં પણ કાયદેસરની કાર્યવાહી કરીને હથિયારો જપ્ત કર્યા છે.

કલોલના કોન્ટ્રાકટરને ત્યાં ઈન્કમટેક્ષની ટીમ ત્રાટકી

અગાઉ બે બિલ્ડર ગ્રુપને ત્યાં પડેલા દરોડા અનુસંધાને ક્રોસ ઈન્કવાયરી : નાણાંકીય વ્યવહારોની ચકાસણી કરાઈ

ગાંધીનગર, તા.૭

કલોલ ખાતેના બિલ્ડર ગ્રુપને ત્યાં દિવાળી પૂર્વે પડેલા ઈન્કમટેક્ષ વિભાગનાં દરોડા અનુસંધાનમાં જ આજે કલોલ શહેરના પંચવટી વિસ્તારમાં એક કોન્ટ્રાકટરના ઘરે ઈન્કમટેક્ષ વિભાગની ટીમો ત્રાટકી હતી. અગાઉ પાડવામાં આવેલા દરોડામાં જે બિલ્ડર ગ્રુપ લપેટાયા હતા તે ગ્રુપ સાથે આ કોન્ટ્રાકટરને નાણાંકીય ટ્રાન્ઝેકશન થયા છે કે કેમ? તે સહીતની ક્રોસ ઈન્કવાયરી કરવામાં આવી હતી.

દિવાળીના તહેવાર પહેલા કલોલ પંથકના બે મોટા બિલ્ડર ગ્રુપને ત્યાં ઈન્કમટેક્ષના દરોડા પડયા હતા. ૧૮ જેટલી વિવિધ ટીમોએ બંને બિલ્ડર ગ્રુપની ઓફીસ, મકાન સહિતના સ્થળોએ સર્ચ ઓપરેશન હાથ ધર્યુ હતું. તે દરોડા અનુસંધાને ઈન્કમટેક્ષની ટીમ આજે ફરી વાર કલોલમાં ત્રાટકી હતી. કલોલ શહેરના પંચવટી વિસ્તારમાં આવેલી નંદનગર સોસાયટીમાં રહેતા કોન્ટ્રાકટર નિતિનભાઈ ગજજરના ઘરે ઈન્કમટેક્ષની ટીમ પહોંચી હતી. કોન્ટ્રાકટરની ક્રોસ ઈન્કવાયરી કરીને અગાઉ થયેલી રેડ અનુસંધાને બિલ્ડર ગ્રુપ સાથે તે કોન્ટ્રાકટરના નાણાંકીય વ્યવહારો થયાં છે કે કેમ તેની તપાસણી શરુ કરી છે.

ચિલોડા વિસ્તારમાં કોંગ્રેસ પાર્ટી દ્વારા ચૂંટણી પ્રચારનો ધમધમાટ : લોકસંપર્ક અભિયાન વેગવાન બન્યું

ચિલોડા, તા.૭

ગાંધીનગર જિલ્લાની વિધાનસભાની પાંચેય બેઠકો પર ઉમેદવારો તથા કાર્યકરો દ્વારા સતત ચૂંટણી પ્રચારનો દોર આરંભી ચૂકયો છે. જેમાં મુખ્યત્વે ચિલોડા વિસ્તારમાં દક્ષિણ વિધાનસભાની બેઠક પર સાત ઉમેદવારોએ પોતાનું નસીબ અજમાવવા આખરી જંગ ખેલવા તલપાપડ બન્યા છે. ચિલોડા સર્કલ નજીક ભાજપ તથા કોંગ્રેસના કાર્યાલયોનું ઉદઘાટન થતાં ચૂંટણીમાં ઉમેદવારો તથા કાર્યકરો દ્વારા મતદારોને રીઝવવા લોકસંપર્ક અભિયાન ધીમે ધીમે વેગવંતુ બની રહ્યું છે. બંને પક્ષો દ્વારા ચૂંટણી અતંર્ગત રીતસરની હોડ લાગી છે. માહોલ બરાબર જામ્યો હોવાનું મનાય છે. રાજકીય સમીકરણો અંગે કોંગ્રેસના ઉમેદવાર જુગાજી ઠાકોર તથા તેમના પક્ષના કાર્યકરો દ્વારા સતત લોકસંપર્ક વધારી ગામે ગામ ચૂંટણીના

રાઉન્ડ આરંભી રહ્યા છે. જેમાં ચિલોડા વિસતારના નજીકના ગામોમાં લેંકાવાડા, આલમપુર, શિહોલી મોટી, દશેલા, ધણપ, દોલારાણા વાસણા, ચેખલા રાણી, સાદરા, જાખોરા, માધવગઢ, ચંદ્રાલા, માતાપુરા, છાલા, કાનપુર, ગિયોડ, શિવપુરાકંપા, મહુન્દ્રા, ચિલોડા મોટા, ઈસનપુર મોટા, મગોડી અને વડોદરા ગામોમાં મતદારોને લોકસંપર્ક કરી પક્ષને જીતાડવા એક એક મતની કિંમત સમજાતાં પક્ષના ઉમેદવારો તથા આગેવાનોએ ભારે હાકલ કરી છે. આમ આ વિસ્તારમાં કોંગ્રેસ પક્ષના ઉમેદવાર જુગાજી ઠાકોર, જશુભા રાણા, અરવિંદસિંહ સોલંકી, સુરેન્દ્રસિંહ રાણા, રામજીભાઈ ઠાકોર, યાકુબભાઈ મનસુરી, સવાજી ઠાકોર, રમણભાઈ રાવલ વગેરે મહાનુભાવો દ્વારા ચૂંટણીને અનુલક્ષી લોકસંપર્ક અભિયાન દ્વારા મતદારોને પોતાના મતનો ઉપયોગ કરી પક્ષને વધુ મતથી જીતાડવા અપીલ કરી રહ્યા છે.

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

યુવાનના ગુપ્તાંગ પર તિક્ષણ હથિયાર ઝીંકી વાહન ફેરવી દેવાયું

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર-સરખેજ હાઈવે પર ખોરજ ખોડીયાર ખાતે આવેલા કન્ટેનર ડેપો, ભારતીય કન્ટેનર નિગમ લિમિટેડની કોનકોર કંપનીના કસ્ટમ બોન્ડેડ એરીયામાં ફરજ બજાવતા ૩૦ વર્ષીય સુપરવાઈઝરના ગુપ્તાંગ પર તિક્ષણ હથિયારના ત્રણ ઘા ઝીંકીને મર્ડરને ફેટલ એક્સીડન્ટમાં ફેરવી દેવા તેના પેટના ભાગેથી કન્ટેનર જેવું કોઈ મોટુ વાહન ફેરવી દઈ મર્ડર કરી નાંખ્યાની ચકચારી ઘટના બનવા પામી છે. અડાલજ પોલીસે ડ્યુટી મેનેજરની ફરીયાદને આધારે ખુનનો ગુનો દાખલ કરીને મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી એફએસએલની મદદથી હત્યારાને શોધી કાઢવા તજવીજ શરૂ કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ ખોરજ ખોડીયાર કન્ટેનર ડેપો, ભારતીય કન્ટેનર નિગમ લિમિટેડ ખાતેની કોનકોર કંપનીના કસ્ટમ બોન્ડેડ એરીયા પાસેથી પસાર થતાં એક કર્મચારીનું ધ્યાન કોઈ વાહનના ટાયર નીચે ચગદાઈને લોહી લુહાણ હાલતમાં સ્થિર પડેલા એક યુવાન પર પડતાં તેણે તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સને બોલાવી લીધી હતી. પરંતુ ૧૦૮ની તબીબી ટીમે સ્થળ પર આવીને ચેક કરતાં યુવાન મૃત્યુ પામેલો હોવાનું જાણવા મળ્યું હતું. અડાલજ પોલીસને આ સંદર્ભે જાણ કરાતા મોટેરા ખાતે રહેતા ડ્યુટી મેનેજર વિનીત મોહન સ્વરૂપ માથુરની ફરીયાદને આધારે અજાણ્યા વાહનના ચાલક વિરૂદ્ધ અકસ્માત સર્જીને યુવાનને મોતને ઘાટ ઉતારવા બદલ ગુનો દાખલ કરી મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ મોકલી આપ્યો હતો. મૃત્યુ પામેલો યુવાન ચાંદખેડા ખાતે રહેતો અને કોનકોર કંપનીમાં સુપરવાઈઝર તરીકે ફરજ બજાવતો ૩૦ વર્ષીય કિરણકુમાર નરોત્તમભાઈ ચૌહાણ હોવાનું બહાર આવ્યું હતું. દરમ્યાન પી.એમ. માટે મોકલવામાં આવેલા યુવાનના મૃતદેહની ચકાસણી કરતાં ગુપ્તાંગ પર તિક્ષણ હથિયાર વડે બે નાના-નાના અને એક મોટો ઘા ઝીંકાયો હોવાનું નિશાન ધ્યાને આવતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી. હત્યાને અકસ્માતમાં મૃત્યુ થયું હોવાનું ફેરવવા માટે કોઈ અજાણ્યા શખ્સે પ્લાન ઘડી કાઢ્યો હોવાનું પોલીસને લાગતા અડાલજ પોલીસે હત્યાનો ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે. મૃત્યુનું ચોક્કસ કારણ પી.એમ. અને એફએસએલના રીપોર્ટ બાદ બહાર આવશે. અડાલજ પી.આઈ. એસ.જી. પરમારે હત્યાનો ગુનો નોંધીને એફ.એસ.એલ.ની મદદ લઈ ગુનાનો ભેદ ઉકેલવા દોડધામ શરૂ કરી છે.

ગાંધીનગરમાં રાજકીય પક્ષોનો ચૂંટણી પ્રચાર 'ટોપ ગિયરમાં'

ગાંધીનગર, તા.૭

ગુજરાત વિધાનસભાની ચૂંટણી આડે ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે મુખ્ય રાજકીય પક્ષો સહિત અપક્ષ ઉમેદવારોના કાર્યાલય પર ઉમેદવારોના કાર્યકરોનો જમાવડો પણ ધીમેધીમે વધી રહ્યો છે. દરરોજ રાત્રે ૧૧ વાગે સુમસામ થઈ જતા આ નગરમાં હાલ ભારે ચહલ પહલ વધી ગઈ છે. મોંઘેરી ગાડીઓ લઈ આવતા સમર્થકો મોડી રાત સુધી કાર્યાલયો પર ચર્ચાનો દોર ચલાવે છે.

લોકશાહીના પર્વ સમા ચૂંટણી ચક્રવ્યુહમાં તમામ રાજકીય પક્ષોના ઉમેદવારો હાલ બુથ લેવલથી લઈ જનસંપર્ક બુથ મીટીંગ અને કાર્યાલય બેઠક યોજાઈ રહ્યા છે. વહેલી સવારથી જ ૧૦૦થી વધારે સમર્થકો ગાડીઓના કાફલામાં ઉમેદવારો ચૂંટણી પ્રચારમાં લાગી જાય છે અને જાહેરમાર્ગો પર આવતા જતા રાહદારીઓ વેપારીઓ સહિત અસંખ્ય લોકોનો તેમજ ડોર ટુ ડોર પ્રચાર કરી લોકસંપર્ક વધારી રહ્યા છે. જયારે સાંજ થતા વિવિધ સ્થળોએ કાર્યકરોના કાફલા સાથે જઈ જાહેર સભાઓ પણ ગજવી રહ્યા છે અને પોતાની જીત માટે વોટની માંગણી કરી રહ્યા છે આ ઉપરાંત તમામ ઉમેદવારોના સમર્થનમાં ખુલ્લા મુકવામાં આવેલા કાર્યાલયો પર પણ સમર્થકોનો ધીમે ધીમે જમાવડો વધી રહ્યો છે અને મોડી રાત સુધી નાસ્તા પાણીની મહેફીલ સાથે રાજકીય ચર્ચાઓનો પણ ધમધમાટ બોલાવે છે. ઉમેદવારના સમર્થકો પણ પુરજોશમાં કામે લાગી ગયા છે. અને બુથ મીટંગો લઈ રહ્યા છે આ સાથે કેટલાક પક્ષથી નારાજ લોકોને મનાવવા પણ કવાયત કરી રહ્યા છે.

ઉમેદવારોના સમર્થક હાલ કમર કસી પોતાના ઉમેદવારોને જીતાડવા કામે લાગી ગયા છે અને મતદારોને રીઝવવા પણ તમામ પ્રકારની તૈયારીઓમાં લાગી ગયા છે ત્યારે જોવાનું એ રહ્યું કે આમ આદમી કોંગ્રેસને સાથ આપશે કે વિકાસને વેગ આપશે તે તો ૨૦મી ડિસેમ્બરના રોજ નક્કી થશે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૭.૦૪

સૂર્યાસ્ત : ૫.૫૨

તાપમાન

મહત્તમ : ૩૪.૫ ડિ.સે.

લઘુત્તમ : ૧૬.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૫૭ ટકા ● સાંજે ૩૪ ટકા

મનોરંજન

સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
લાઈફ ઑફ પાય(હિન્દી) : ૧૧.૧૫
ખેલાડી ૭૮૬ : ૧.૪૫, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
ખેલાડી : ૧૦.૦૦, ૩.૩૦, ૬.૩૦
તલાશ : ૧૨.૪૫, ૯.૪૫
: સ્ક્રીન-૩ :
ખેલાડી : ૧૨.૩૦, ૯.૩૦
તલાશ : ૪.૦૦, ૬.૪૫
: સ્ક્રીન-૪ :
તલાશ : ૧૦.૦૦
સન ઑફ સરદાર : ૧૨.૪૫, ૩.૩૦
જબ તક હૈ જાન : ૬.૧૫
ખેલાડી : ૯.૩૦

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ખેલાડી ૭૮૬ : ૯.૦૦, ૧૦.૧૫
તલાશ : ૧૧.૪૫, ૫.૦૦
લાઈફ ઑફ પાય(હિન્દી) ૩-ડી : ૨.૩૦, ૭.૪૫
: સ્ક્રીન-૨ :
તલાશ : ૯.૪૫
ખેલાડી ૭૮૬ : ૧૨.૪૦, ૩.૨૦, ૬.૦૫, ૯.૦૦
: સ્ક્રીન-૩ :
ખેલાડી : ૧૦.૦૦
તલાશ : ૧.૦૦, ૩.૪૫, ૬.૩૦, ૯.૧૫
: સ્ક્રીન-૪ :
ખેલાડી ૭૮૬ : ૧૧.૨૦, ૨.૦૦, ૪.૪૫, ૭.૩૦
તલાશ : ૧૦.૧૫

સૂર્યા, વાવોલ

ખેલાડી ૭૮૬ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ઓ ગૉરી મે તો દિલથી બાંધી છે પ્રીત : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લોક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ખેલાડી ૭૮૬ : ૧૦.૪૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
ખેલાડી ૭૮૬ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
: સ્ક્રીન-૩ :
તલાશ : ૧૦.૩૦, ૧.૧૫, ૧૦.૧૫
સન ઑફ સરદાર : ૪.૧૫, ૭.૧૫

સિરાગ, કલોલ

ખેલાડી ૭૮૬: ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

ટાઉન હોલ

- શિવરંજની સંસ્થાન ગાંધીનગરના ઉપક્રમે 'આજ જાને કી જીદ ના કરો' નામક ગઝલનો કાર્યક્રમ રાત્રે ૯.૩૦ કલાકે.

સામાજિક

- દેનાબેંકના ગાંધીનગર શહેર અને જિલ્લાના દરેક નિવૃત્ત સભ્યોનું સ્નેહ મિલન સમારંભ બપોરે ૩.૦૦ કલાકે દેના બેંકની રીજીયોનલ ઑફિસ ખાતે યોજાશે.
- રેશનલ સમાજ ગાંધીનગરની બેઠક સાંજે ૪.૩૦ કલાકે, નિસર્ગ સાયન્સ સેન્ટર ૬ ૧/૧, ઘ -ટાઈપ, સેકટર-૨ ૩ ખાતે યોજાશે.

આપની આજ

મેષ : આપની મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાનો યોગ બની રહ્યા છે. કુટુંબમાં સારું વાતાવરણ મનને પ્રસન્નતા આપશે. આપને વિરોધીઓ હેરાન-પરેસાન કરી શકે છે.

વૃષભ : રાજકીય અને સામાજિક કાર્યોમાં સન્માન પ્રાપ્ત થઈ શકશે. આપના ઉદાર મન અને ક્ષમાવાન વ્યવહારના કારણે લાભ પ્રાપ્ત થવાની શકયતાઓ છે. વેપાર સારો ચાલશે.

મિથુન : શુભ મંગળ કાર્ય થવાનો યોગ બની રહ્યો છે. આર્થિક સમસ્યાઓ પર કાર્ય થઈ શકશે. સંતાનપક્ષ તરફથી શુભ સમાચાર પ્રાપ્ત થશે. મનોરંજન સંબંધી કાર્ય થશે.

કર્ક : જ્ઞાન- શિક્ષા, સંશોધન વગેરે પર વિશેષ વ્યયનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગની ઉપલબ્ધિ.

સિંહ : તમારી વ્યવહારકુશલતાથઈ વેપારમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. સ્થાયી સંપતિ મળવાની સંભાવના છે.

કન્યા : વાહન સુખ પ્રાપ્તિ થવાનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક યાત્રા-પ્રવાસ થઈ શકશે. આધ્યાત્મ સંબંધી માંગલિક કાર્યોમાં વિશેષ યાત્રાની સંભાવના.

તુલા : જીવનસાથી અને ભાગીદારોથી વિશેષ લાભ પ્રાપ્તિ થવાની સંભાવના છે. વેપાર, કુટુંબમાં શુભકાર્યો, કર્મક્ષેત્રમાં વિશેષ ભાગીદારી સંબંધી વિવાદ થઈ શકે છે.

વૃશ્ચિક : આવકનાં સ્રોતમાં ભાગ્યવર્ધક વૃદ્ધિ થવાની સંભાવના છે. રોગ, કર્જ સંબંધી કાર્યોમાં લાભ વિશેષ, ધાર્મિક મહત્વનાં કાર્યોમાં સમય પસાર થશે.

ધન : વિશિષ્ટ ખાનપાન પણ થશે. સંચિત ધનમાં વૃદ્ધિ થઈ શકે છે. ભાગ્યવર્ધક કાર્યો સફળ થઈ શકશે. ધાર્મિક ક્ષેત્રમાં વિશેષ યાત્રા-પ્રવાસ થઈ શકશે.

મકર : સમસ્યાઓ પર વિશિષ્ટ ચિંતન થઈ શકશે. શિક્ષા, જ્ઞાન વિશેષ નિર્ણયથી લાભ પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે.

કુંભ : વ્યાપાર-વ્યવસાયમાં ગહન શોધ સંબંધી કાર્યો થશે. કલાત્મક ક્ષેત્રમાં શોધપૂર્ણ કાર્યો થઈ શકશે. ધાર્મિકક્ષેત્રમાં આસ્થા વધશે.

મીન : આર્થિક મહત્વનાં વિશેષ કાર્યો પૂર્ણ કરવામાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની સંભાવનાઓ છે. કર્મક્ષેત્રમાં ગહન શોધ સંબંધી વિશેષ યોગ બની રહ્યો છે.

ચિરવિદાય

- સ્વ. વિજયાબેન કાન્તિલાલ રામી (ઉ.વ. ૭૮) પ્લોટ નં. ૨૩૯/૨, સેકટર-૪/એ, ગાંધીનગર.
- સ્વ. કલાવતીબેન દુર્લભજી મોટા (ઉ.વ. ૭૮) પ્લોટ નં. ૨૪૮/૧, સેકટર-૪/એ, ગાંધીનગર.
- સ્વ. સકરાજી જીવાજી ઠાકોર (ઉ.વ. ૭૦) મુ.પો. તારાપુર તા., જિ. ગાંધીનગર.